સીજે ફાઈનાન્સ લિમિટેડ દ્વારા
ધંધા માટે, અભ્યાસ માટે કે
આર્થિક જરૂરીયાત પૂરી કરવા
મોર્ગેજ લોન
સુવિધાનો લાભ લો અને
આપની જરૂરીયાત પૂરી કરો
CJ GROUP સી.જે. ફાઈનાન્સ લિમિટેડ
સી.જે. હાઉસ, મોટાપોર, નડીઆદ.
નડીઆદ : ૯૮૨૪૪ ૫૨૧૨૭ આણંદ : ૯૮૨૪૪ ૩૬૭૨૭
ખેડા : ૯૮૨૪૪ ૯૪૯૨૭ મહેમદાવાદ : ૯૮૨૪૪ ૯૫૬૨૭

email : nayapadkar@gmail.com (ફક્ત જાહેરખ માટે)
email : samacharsathi@gmail.com (ફક્ત સમાચાર માટે)

સત્ય માટે, સહુની સાથે

# નયા પડકાર

R.N.I. Reg. No. 43431/84 P.O. Regd. No. G/AND/39/2018-20 website : nayapadkar.in

અમેરીકા-કેનેડાની સફળ ટુર બાદ હાજર છે...
સંદીપ પટેલ
ટહુકો વૃંદ
લગ્નગીત
રાસ – ગરબા
ઓરકેસ્ટ્રા
વન મેન શો
આપના લગ્નપ્રસંગો-શુભપ્રસંગોને
અમારા સંગીતથી અનોખો બનાવો
૩૦૨, નરીમાન કોમ્પલેક્ષ, જુના રસ્તા, આણંદ
ફોન : (૦૨૬૯૨) ૨૫૯૯૮૦, મો. ૯૮૨૫૦ ૯૪૬૧૪

વર્ષ : ૩૪ અંક ૨૬૪, ૬ ડિસેમ્બર ૨૦૧૮ ગુરૂવાર કારતક વદ ૧૪ વિક્રમ સંવત ૨૦૭૫ તંત્રી, મુદ્રક – પ્રકાશક : દીપકભાઈ પટેલ, ગુજરાત સાથી પ્રકાશન પ્રા.લિ. સાથી એસ્ટેટ, આણંદ Published from ANAND ટેલિફોન નં. ૨૫૨૮૪૦,૨૫૩૪૪૦ ફેક્સ ૨૪૦૧૧૪ કિંમત : ૧ રૂા. પાનાં : ૮

## લોકરક્ષક દળની નવી પરીક્ષા ૬ જાન્યુઆરીએ લેવાશે

અમદાવાદ,તા. ૫

લોકરક્ષક દળની પરીક્ષાના પેપર લીક કૌભાંડને પગલે રદ કરાયેલી પરીક્ષા હવે તા.૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ લેવાશે. જો કે, આ વખતે પેપર લીક ના થાય તે માટે ગુજરાત રાજય લોકરક્ષક દળના તંત્ર, પોલીસ અને રાજય સરકારની મદદથી જોરદાર ફુલ પ્રફુ વ્યવસ્થા ગોઠવવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. આજે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયના ડીજીપી અને ગુજરાત લોકરક્ષક દળ ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાય સહિતના ઉચ્ચ સરકારી પદાધિકારીઓ સાથે બેઠક યોજી નવી પરીક્ષામાં પેપર લીક ના થાય તે સહિતની બાબતે જરૂરી સૂચના અને મહત્વના નિર્દેશો આપ્યા હતા. લોકરક્ષક દળની પરીક્ષાની નવી તારીખ જાહેર થતાં હવે રાજયના પોણા નવ લાખ ઉમેદવારો ફરી એકવાર તૈયારીમાં જોતરાયા છે તો, બીજીબાજુ, પેપર લીક કૌભાંડમાં તપાસના આટાપાટા વચ્ચે તંત્ર પણ પરીક્ષાની તૈયારી અને આ વખતે કોઈ લીક ના થાય તે માટેની ફુલ પ્રુફ વ્યવસ્થાના આયોજનમાં લાગ્યું છે. લોકરક્ષક દળની પરીક્ષાના પેપર લીક કૌભાંડમાં પરીક્ષા રદ કરવામાં આવી તેનું પેપર ગુજરાત બહાર માત્ર એક સેટમાં જ છપાયેલું હતું. આ લીક થયેલું પેપર ગુજરાતમાં નહીં પરંતુ, ગુજરાત બહાર અન્ય કોઈ રાજયમાં છાપવામાં આવ્યું હતું એ મતલબની સ્પષ્ટતા અગાઉ લોકરક્ષક ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાયે કરી હતી. વિકાસ

અનુસંધાન પાન ૨ ઉપર

## ઓગસ્ટા વેસ્ટલેન્ડ : મિશેલ પાંચ દિવસ કસ્ટડીમાં

નવી દિલ્હી, તા. ૫

ઈટાલીની કંપની ઓગસ્ટા વેસ્ટલેન્ડની સાથે વીવીઆઈપી હેલિકોપ્ટર ડિલમાં થયેલા કૌભાંડના વચેટિયા ક્રિશ્ચિયન મિશેલને આજે પટિયાલા હાઉસકોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. મંગળવારના દિવસે તેને દુબઈના રસ્તે ભારત લાવવામાં આવ્યો હતો. ભારતની તપાસ સંસ્થાઓ લાંબા સમયથી તેને ભારત લાવવાના પ્રયાસ કરી રહી હતી. આખરે તેને સફળતા મળી ગઈ છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલના નેતૃત્વમાં આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. આ મામલામાં અનેક મોટા ખુલાસા થવાની શકયતા દેખાઈ રહી છે. પુછપરછમાં મિશેલ અનેક મોટા અધિકારીઓના નામનો ખુલાસો કરી શકે છે. જેમના ઉપર આ કૌભાંડમાં સામેલ હોવાના આક્ષેપો છે. એવા આક્ષેપ છે કે, ઓગસ્ટા વેસ્ટલેન્ડથી મિશેલને લાંચ તરીકે ૨૨૫ કરોડ રૂપિયા મળ્યા હતા. આ પૈસા અન્ય કંઈ નહી બલ્કે કંપની દ્વારા ૧૨ હેલિકોપ્ટરની સમજૂતિ પોતાની તરફેણમાં કરાવવા માટે લાંચ તરીકે ચુકવવામાં આવી હતી. મિશેલે પોતાની દુબઈની કંપની ગ્લોબલ સર્વિસ મારફતે આ રકમ મેળવી હતી. મળેલી માહિતી મુજબ આ ડિલમાં કોડવર્ડમાં કેટલાક નામ પણ લખવામાં આવ્યા હતા. જેનો અર્થમાત્ર મિશેલ જ બતાવી શકે છે. રાફેલ સોદાને

અનુસંધાન પાન ૨ ઉપર

### અજીત દોભાલના નેતૃત્વમાં સફળ ઓપરેશન પાર પાડી મિશેલને ભારત લવાયો



## ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા સાત માર્ચથી

અમદાવાદ, તા.૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૧૯માં લેવાનારી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનો કાર્યક્રમ આજે બોર્ડ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો છે. બોર્ડની પરીક્ષાઓ તા.૭મી માર્ચથી શરૂ થશે અને તા.૨૩મી માર્ચના રોજ પૂર્ણ થશે. માર્ચ-૨૦૧૮ની પરીક્ષા તા.૧૨ માર્ચથી શરૂ થઈ હતી. એટલે કે, આ વખતે બોર્ડની પરીક્ષા પાંચ દિવસ વહેલા શરૂ થવાની છે. બોર્ડની પરીક્ષા માટે અત્યારસુધીમાં કુલ મળી, ૧૭ લાખ વિદ્યાર્થીઓ નોંધાઈ ચૂકયા છે અને હજુ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની નોંધણીની કાર્યવાહી ચાલુ હોઈ આ આંકડો વધશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ગઈ વખતે ધોરણ-૧૨ સાયન્સમાં પ્રથમ વખત સેમેસ્ટર સીસ્ટમ વગર બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવનાર છે, તે નોંધનીય હતું. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૧૯ માં લેવાનારી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનો સત્તાવાર કાર્યક્રમ વિદ્યાર્થીઓ અને વાલીઓના આગોતરા આયોજનને ધ્યાનમાં રાખી આજરોજ જાહેર કરવામાં આવ્યો હતો. ગત વર્ષે સૌપ્રથમવાર ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા સેમેસ્ટર સીસ્ટમ વિના યોજાઈ હતી. ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા તા.૭મી માર્ચથી શરૂ થશે અને તા.૨૩મી માર્ચ,૨૦૧૯ના રોજ પૂર્ણ થશે. સાયન્સની પરીક્ષા દરમ્યાન મહત્વના પેપરો વચ્ચે એક દિવસ રજા આપવાની પરંપરા બોર્ડ દ્વારા આ વખતે પણ જાળવી રાખવામાં આવી છે. સાયન્સમાં પ્રથમ

અનુસંધાન પાન ૨ ઉપર




## મોનિટરી પોલિસીમાં રેપો અને રિવર્સ રેપોરેટ યથાવત

### જીડીપી ગ્રોથનો અંદાજ ૭.૪ ટકા રાખવામાં આવ્યો : એસએલઆરમાં ૨૫ બેઝિક પોઈન્ટ સુધી ઘટાડો

મુંબઈ, તા. ૫

રિઝર્વ બેંકની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. ધારણા પ્રમાણે જ ચાવીરુપ રેપોરેટ ૬.૫ ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કરાયો હતો. સતત બીજી વખત વ્યાજદર સાથે કોઈ ચેડા કરવામાં આવ્યા નથી. રિવર્સ રેપોરેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે. સીપીઆઈ ફુગાવા અને અન્ય બાબતોને ધ્યાનમાં લઈને આરબીઆઈ દ્વારા વ્યાજદરના સંદર્ભમાં નિર્ણય લેવામાં આવે છે. જો કે, આ યોજાયેલી બેઠકમાં એસએલઆરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જો કે, રિઝર્વ બેંકનું કહેવું છે કે, એસએલઆરમાં ૧૮ ટકાની સપાટી સુધી ન પહોંચે ત્યાં સુધી તેમાં દર ત્રિમાસિક ગાળામાં ૨૫ બેઝિક પોઈન્ટ સુધીનો ઘટાડો કરાશે. જીડીપી ગ્રોથનો અંદાજ પણ ૭.૪ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે જ્યારે ૨૦૧૯-૨૦માં પ્રથમ છ મહિનાના ગાળા દરમિયાન જીડીપી ગ્રોથ ૭.૫ ટકા રાખવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની આ પાંચમી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા હતા. હવે આગામી બેઠક સાતમી ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસો યોજાશે. ઓગસ્ટ મહિનામાં રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો હતો. રિઝર્વ બેંક દર ત્રણ મહિનામાં આર્થિક નીતિઓની સમીક્ષા કરે છે. આ ગાળા દરમિયન વ્યાજદરો અથવા તો પોલિસી રેટ ઘટાડવા અથવા વધારવાના સંદર્ભમાં નિર્ણય

અનુસંધાન પાન ૨ ઉપર

## પેપર લીક કાંડમાં હજુય ૨૦ આરોપી હોવાની શંકા

અમદાવાદ,તા.૫

ગુજરાત પોલીસમાં લોકરક્ષક દળની ભરતી માટેની પરીક્ષાનું પેપર લીક કૌભાંડમાં પોલીસે ગઈકાલે ધરપકડ કરેલા ચારેય આરોપીઓને આજે ગાંધીનગર કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરતાં કોર્ટે તમામ ચાર આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. બીજીબાજુ, લોકરક્ષક દળ પેપર લીક કૌભાંડમાં પોલીસ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં અત્યારસુધીમાં કુલ ૧૨ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે અને હજુ વધુ ૨૦ આરોપીઓની સંડોવણીની આશંકા છે, જેઓના નામ આગામી દિવસોમાં ખુલે તેવી શકયતા છે. આ તમામ ડેવલપમેન્ટ વચ્ચે પોલીસ હજુ સુધી કેસના મુખ્ય સૂત્રધાર આરોપી યશપાલસિંહ સોલંકી (ઠાકોર)ને શોધી શકી નથી. પોલીસે આજે અરવલ્લીના બાયડના પરબડીના પ્રીતેશ નટવરલાલ પટેલ, મહેસાણાના મેદવનો નરેન્દ્ર પૃથ્વીરાજ ચૌધરી, બનાસકાંઠાના વડગામનો અજયસિંહ મફતસિંહ પરમાર અને ઉત્તમસિંહ હરિસિંહ ભાટી એ ચાર આરોપીઓને ગાંધીનગર કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના પોલીસ રિમાન્ડની માંગણી કરી હતી, જેમાં સરકારપક્ષ તરફથી માંગ કરાઈ હતી કે, આરોપીઓને સાથે રાખી ગુજરાતથી દિલ્હી સુધીના રૂટમાં વિવિધ હોટલો સહિતના સ્થળોએ તપાસ કરવાની છે. ખાસ કરીને સીસીટીવી ફુટેજ સહિતના પુરાવા એકત્ર કરવાના છે.

અનુસંધાન પાન ૨ ઉપર

## રાજસ્થાન-તેલંગાણામાં પ્રચારનો અંત : સાતમીએ મતદાન

જયપુર,તા. ૫

રાજસ્થાન અને તેલંગાણામાં સાતમી ડિસેમ્બરના દિવસો યોજાનાર ચૂંટણીને લઈને આજે પ્રચારનો અંત આવ્યો હતો. હાઈવોલ્ટેજ ચૂંટણી ઉપર દેશની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મિઝોરમમાં ચૂંટણી માટે મતદાન થઈ ચુક્યું છે અને આ રાજયોમાં ઉંચુ મતદાન થયા બાદ ભારે સસ્પેન્સની સ્થિતિ છે. હવે રાજસ્થાનમાં સાતમી ડિસેમ્બરે મતદાન થશે. છેલ્લા થોડાક દિવસમાં રાજ્યમાં સેંકડો રેલીઓ યોજાઈ હતી અને રોડ શો યોજાયા હતા. ચૂંટણી મેદાનમાં ૨૨૭૪ ઉમેદવારો રહેલા છે જેમાં ૧૮૯ મહિલાઓનો સમાવેશ થાય છે. ૨૦૦ વિધાનસભા બેઠક પૈકી ૧૯૯ બેઠક માટે ૭મી મતદાન યોજાશે. હાલમાં અલવર જિલ્લાના રામગઢ મતવિસ્તારમાં બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારના અવસાનના કારણે ચૂંટણી મોકૂફ કરી દેવામાં આવી છે. આજે પ્રચારનો સાડા પાંચ વાગે અંત આવ્યો હતો. મતદાન સવારે ૮ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી ચાલનાર છે. રાજસ્થાનમાં મુખ્ય ચૂંટણી અધિકારી આનંદકુમારે કહ્યું છે કે, યોગ્ય સુરક્ષા વ્યવસ્થા રાજસ્થાનમાં ગોઠવી દેવામાં આવી છે. રાજયમાં ૪.૭૭ કરોડ નોંધાયેલા મતદારો છે. રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર હવે ચરમસીમા પર છે.

અનુસંધાન પાન ૨ ઉપર




બાબરી ધ્વંસને ૨૬ વર્ષ થયા છે જેને વિહિપે શૌર્ય દિવસ તરીકે ઉજવવામાં નિર્ણય કર્યો છે.

## તડ અને ફડ

- જશવંત રાવલ

### અશીતિ વંદના

### રઘુવીર ચૌધરી : ગુજરાતી વાંચનારની આવશ્યકતા



હા, રઘુવીરભાઈને એ અધિકાર છે કે એ એમ કહે કે "મારી સ્પર્ધા ગો.મા.ત્રિ. સાથે છે." જો કે આવું કહ્યા પછી ય રઘુવીરભાઈને મનમાં તો થયું જ હશે કે તેઓ ગો.મા.ત્રિ. પ્રતિ વધુ ઉદાર રહ્યા છે. આ પણ સાધિકાર ગણાવું જોઈએ. આમાં કોઈને રઘુવીરનો અભિભૂ જણાય પણ તેઓ સ્વસર્જન અભિમાનિન છે. ને એમને અપ્રતિકર્મન માનવા પણ પડે. એ નિર્હેતુક કશુંય કરનારા નથી.

ગો.મા.ત્રિ.વાળું વિધાન પણ. રઘુવીરભાઈનું ગદ્ય ગુજરાતી ભાષાનું કંઠાભરણ છે. એ બહુઆયામી સર્જક છે પણ નવલકથામાં રઘુવીરભાઈ અદભુત છે. કવિતા, રઘુવીરભાઈને અવગણી ન શકાય, એમતો એમના કોઈ સર્જનપ્રકારને કોરાણે ન મૂકી શકાય પણ નવલકથા એ રઘુવીરભાઈને ચાહ્યા છે. નવલકથાનાં એમના વિષય અને સંખ્યાના વૈપુલ્યને તલાશો તો દંગ રહી જવાય. નવલત્રયી અને અમૃતા જ એમને ઉત્તમોની હરોળમાં મૂકે છે.

રઘુવીરભાઈ સાહિત્યમાં ભલે ઋજુતાના વાહક અને ચાહક હોય પણ વ્યવહારમાં એ ઘણા અણીયાળા. આમ જુઓ તો શરણાગત વત્સલ. એમના થાઓ તો આંચ ન આવવા દે. ઈચ્છો ત્યાં પહોંચવા દે. પણ સામે હો તો આંચ પર રાખે. એમ રિપુસુદન પણ ખરા. સાહિત્યક્ષેત્રમાં એમણે સામરિક કૌશલ્ય દાખવી અધિનાયકત્વ પ્રાપ્ત કર્યું હતું. ઘણા સમય સુધી એ પરિષદના છત્રપતિ રહ્યા. એ ઈચ્છતા એ જ થતું ને જે થતું એ બધા પાછળ એમની ઈચ્છા કે આશીર્વાદ રહેતાં. સાબરમતિ તટે એમણે પરિશ્રમથી સાહિત્યપ્રસ્થ ઉભું કર્યું. પગરખાંને તળીયે ચોંટીનેય પરિષદભૂમિની ધૂળ પણ પોતાને ઘેર ન જાય એની કાળજી એમની પ્રામાણિકતાને વંદનીય બનાવનારી. જો કે પરિષદ પોતાના પગ તળે રહે એ રાજધીમત્તા પણ વખાણવી રહી.

રઘુવીરભાઈ શબ્દથી જ નહીં શરીરથી ય સામાને પડકારવાનું, સાહિત્યકારોમાં જવલ્લે જડે તેવું સામર્થ્ય રાખતા ને સૌ એ જાણે એટલે લા.ઠા.ના માધ્યમથી એની જાહેર પ્રતિતિ પણ એમણે કરાવેલી. એ જાણતા હતા કે સુરેશ જોશીને પડકારો એટલે બાકીનાનું કામ પૂરું થઈ જાય.ઉમાશંકર સાથે સખ્ય અને સુરેશ જોશી સામે અરિભાવ. રઘુવીરભાઈએ સાહિત્ય આલમમાં જબરું સંતુલન ઉભું કર્યું હતું. એમની સામેનાં સાહિત્યિક થાણાંને એમણે ટકવા કે ચમકવા દીધાં નહીં. એમનામાં અધિષ્ઠાતા બનવાની અજોડ આવડત છે. રઘુવીરભાઈ સર્જક છે એટલા જ શ્રેષ્ઠ રાજકનાયક બનવાનું કૌશલ પણ ધરાવે છે.

જો કે હવે રઘુવીરભાઈને વાનપ્રસ્થનો વિતરાગ લાગી રહ્યો છે. ક્રિયાભાવ હવે એષણભાવમાં પરિણમી રહ્યો છે. રઘુવીરભાઈ છેલ્લા કેટલાક સમયથી આંતરમુખ થઈ રહ્યા છે. સર્જકની આ પણ અવસ્થા અથવા મોનોપોઝ જેવું કંઈક આવતું હશે. નર્મદ જેવો તો જ ધર્મરંગ લખેને.

રઘુવીરભાઈ હવે હાજર બધે હોય, સૌના સન્મુખ હોય પણ એ પોતે વિમુખ લાગે.

રઘુવીર ચૌધરી સરખી સાહિત્યીક પ્રતિભા કોઈ પણ ભાષાના વૈભવ માટે આવશ્યકતા છે. ગુજરાતી સાહિત્યને રઘુવીરભાઈએ માતબર કર્યું છે.

સાહિત્યકાર શાણોય હોય ને રાણોય હોય એ રઘુવીરભાઈએ સિધ્ધ કર્યું. રઘુવીર ચૌધરી ગુજરાતી સાહિત્યની ગૌરવ ઘટના છે. ●

## ઉ.પ્ર.માં કર્મચારીઓની નિવૃત્તિ વય ૬૦થી ઘટાડીને ૫૮ વર્ષ કરાઈ

લખનઉ,તા,૫

સાતમાં પગાર પંચની ભલામણો લાગુ થવાની રાહ જોવાઈ રહી છે. ત્યારે ઉત્તરપ્રદેશ રાજયનાં કર્મચારીઓને મોટો ઝટકો લાગી શકે છે. અલ્હાબાદ હાઈકોર્ટે રાજ્ય કર્મચારીઓની રિટાયરમેન્ટની ઉંમર ૬૦ વર્ષથી ઘટાડીને ૫૮ વર્ષ કરી દીધી છે. હાઈકોર્ટે ૨૦૦૧માં બહાર પડાયેલા આદેશને રદ કરતા જુના નિયમો લાગુ કરી દીધા છે. હાઈકોર્ટનાં આ ચુકાદાથી રાજયના કર્મચારીઓનાં રિટાયરમેન્ટની ઉંમરની સીમા ફરીથી ૫૮ વર્ષ થઈ ચુકી છે. હાઈકોર્ટનાં જસ્ટિસ સુધીર અગ્રવાલ અને જસ્ટિસ ઈફ્ક્ત અલી ખાનની પીઠે ભદોહી વિકાસ નિગમનાં સહાયક એન્જિનીયર ઓપી તિવારીની અરજી ફગાવી દીધી હતી.

અલ્હાબાદ હાઈકોર્ટે આદેશ આપતા કહ્યું કે, રાજ્યનાં કર્મચારીની રિટાયરમેન્ટની ઉંમરની સીમા વધારનારી ૨૦૦૧નાં આદેશ રદ કરવામાં આવે છે.હાઈકોર્ટે પોતાનાં આદેશમાં સ્પષ્ટ જણાવ્યું કે, સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ અનુસાર રાજ્યપાલ આદેશ સાથે કોઈ પણ નિયમમાં પરિવર્તન કરી

અનુસંધાન પાન ૨ ઉપર